

## અધૂરા ડ્રેનેજ કામથી રહીશો નર્કાગારમાં

**તલાવડી** અને રામજી ખત્રી વિસ્તારમાં હોળી બાદ કામ અટકી ગયું, ગંદકીના લઈ રોગચાળાની ભીતિ

નવસારીઃ નવસારીના વોર્ડ નંબર 13માં તલાવડી અને રામજી ખત્રી વિસ્તારના રહીશો હાલ અધૂરા ડ્રેનેજ કામને કારણે નરકસમાન પરિસ્થિતિ ભોગવી રહ્યા છે. મહાનગરપાલિકા દ્વારા શરૂ કરાયેલા ડ્રેનેજ લાઈનનું કામ હોળી બાદ અચાનક અટકી જતાં વિસ્તાર ગંદકી અને અવ્યવસ્થાનો ભોગ બન્યો છે.

સ્થાનિકોમાં ભારે રોષ ફેલાતા જાગૃત નાગરિક પિયુષ નાયકા દ્વારા મહાનગરપાલિકા કમિશનરને લેખિત રજૂઆત કરી તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ ઉઠાવવામાં આવી છે. રજૂઆતમાં જણાવાયું છે કે રસ્તાઓ ખોદીને છોડાતા ગંદકી ફેલાઈ રહી છે અને રોગચાળો ફાટી નીકળવાની ભીતિ ઊભી થઈ છે. રોજિંદા જીવન પર પણ આ સ્થિતિનો સીધો પ્રભાવ પડી રહ્યો છે. ખોદકામને કારણે રસ્તાઓ ખરાબ બનતા રહીશોને અવરજવરમાં ભારે હાલાકી સહન કરવી પડી રહી છે. ખાસ કરીને બાળકો, વૃદ્ધો અને વાહનચાલકો માટે આ પરિસ્થિતિ જોખમી સાબિત થઈ રહી છે.

સ્થાનિકોએ ચેતવણી આપી છે કે જો ચોમાસા પહેલા ડ્રેનેજ કામ પૂર્ણ નહીં થાય તો સમગ્ર વિસ્તારમાં પાણી ભરાઈ જવાની ગંભીર સ્થિતિ સર્જાઈ શકે છે. ત્યારે હાલની મુશ્કેલી વધુ વિકટ બની જશે. હવે રહીશો તંત્ર પાસે સ્પષ્ટ માંગ કરી રહ્યા છે કે કોન્ટ્રાક્ટરને કડક સૂચનાઓ આપી તાત્કાલિક કામગીરી શરૂ કરાવવામાં આવે અને ઝડપથી કામ પૂર્ણ કરાય, જેથી લોકોને રાહત મળે અને આવનારા ચોમાસામાં મોટી સમસ્યાથી બચી શકાય.

## નવસારી જિલ્લામાં 18 PIના ટ્રાન્સફર-પ્રમોશનથી મોટો બદલાવ

**પીએસઆઈમાંથી** પીઆઈ તરીકે બઢતી મેળવનારા 10 અધિકારીઓને જિલ્લા બહાર નવી નિમણૂક

**જિલ્લામાં** લાંબા સમયથી ફરજ બજાવતા 8 પીઆઈની અન્ય જિલ્લાઓમાં બદલી

નવસારી : નવસારી જિલ્લામાં પોલીસ વિભાગમાં એકસાથે થયેલા મોટા ફેરફારોને કારણે તંત્રમાં નોંધપાત્ર હલચલ સર્જાઈ છે. રાજ્ય ગૃહ વિભાગ દ્વારા પીએસઆઈમાંથી પીઆઈ તરીકે બઢતી મેળવનારા 10 અધિકારીઓને જિલ્લા બહાર નવી નિમણૂક આપવામાં આવી છે, જ્યારે જિલ્લામાં લાંબા સમયથી ફરજ બજાવતા 8 પીઆઈને અન્ય જિલ્લાઓમાં બદલી કરવામાં આવી છે. આમ કુલ 18 પોલીસ ઇન્સ્પેક્ટરોના ટ્રાન્સફર અને પ્રમોશન સાથે નવસારી પોલીસમાં નવી ગોઠવણી અમલમાં આવી છે.

આ ફેરફારો રાજ્યભરમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યા છે, જેમાં કુલ 254 પોલીસ ઇન્સ્પેક્ટરોને બદલી અને બઢતી આપવામાં આવી છે. રાજ્ય પોલીસ વડા દ્વારા આ કાર્યવાહીનો મુખ્ય ઉદ્દેશ તંત્રને વધુ કાર્યક્ષમ અને સજ્જ બનાવવાનો હોવાનું માનવામાં આવે છે.

નવસારીમાંથી બઢતી સાથે જિલ્લા બહાર ગયેલા અધિકારીઓમાં પરાગ ડાવરા (બોટાદ), ડી.એમ. રાઠોડ (બનાસકાંઠા), આર.એસ. ગોહિલ (વડોદરા શહેર), પી.વાય. ચિત્તે (સુરત ગ્રામ્ય), સી.કે. કાતરિયા (પોરબંદર), એમ.એમ. મોર્ય (નર્મદા), એચ.આર. બારોટ (કચ્છ), એમ.ડી. ગામીત (તાપી) તેમજ એસ.વી. આહિર અને જે.વી. ચાવડા (સી.આઈ.ડી. ક્રાઈમ)નો સમાવેશ થાય છે.

તે ઉપરાંત, જિલ્લામાં ત્રણ વર્ષથી વધુ સમયથી ફરજ બજાવતા પીઆઈ અધિકારીઓમાં પણ બદલાવ કરવામાં આવ્યો છે. જેમાં ડી.ડી. લાડુમોર (વડોદરા શહેર), ડી.એસ. કોરાટ (સુરત શહેર), કે.એચ. ચૌધરી (વડોદરા ગ્રામ્ય), કે.જે. ચૌધરી (ભરૂચ), એમ.આર. ચાવડા (વડોદરા શહેર), એન.એમ. આહિર (વડોદરા ગ્રામ્ય), ડી.જે. પટેલ (વડોદરા ગ્રામ્ય) અને ટી.એ. ગઢવી (સુરત શહેર)નો સમાવેશ થાય છે.


આ મોટા પાયાના ફેરફારોને કારણે નવસારી જિલ્લા પોલીસ તંત્રમાં નવી ઉર્જા સાથે નવી જવાબદારીઓનું વિતરણ થયું છે, જે આવનારા સમયમાં કાયદો અને વ્યવસ્થાને વધુ સુવ્યવસ્થિત બનાવવામાં મહત્વપૂર્ણ સાબિત થઈ શકે છે.

## વલસાડ જિ.ના 8 PIની જિલ્લા બહાર બદલી

**અન્ય** જિલ્લામાંથી નવા 8 પીઆઈની વલસાડ જિલ્લામાં મુકાયા

વલસાડઃ ગુજરાત સરકારે રાજ્ય વ્યાપી પોલીસ ઈન્સ્પેક્ટરની બદલીનો ગંજીપો ચીપ્યો છે. જેમાં વલસાડ જિલ્લામાં ફરજ બજાવતા 8 જેટલા પીઆઈની જિલ્લા બહાર બદલી થઈ છે. જ્યારે જિલ્લા બહારથી 8 નવા પીઆઈની વલસાડ જિલ્લામાં બદલી કરવામાં આવી છે. વલસાડ જિલ્લામાં વલસાડ ટાઉન પીઆઇ, વાપી જીઆઇડીસી પીઆઇ જેવી બે મહત્ત્વની જગ્યાના પીઆઈની પણ બદલી થઈ છે. વલસાડમાં નવા પીઆઇ આવશે. જોકે, હાલ કોઈ નવા સમીકરણ બને એના કોઈ અણસાર લાગતા નથી.

વલસાડ જિલ્લામાં ટાઉન પોલીસમથકે ફરજ બજાવતા બી. ડી. જીત્યાની વડોદરા શહેર, જીઆઈડીસી પીઆઇ અમીરાજસિંહ રાણાની સુરત ગ્રામ્યમાં બદલી થઈ છે. આ સિવાય પીઆઇ બુબડિયાની અમદાવાદ શહેર, એમ. એન. પટેલની ગાંધીનગર વિભાગ, એસ. એસ. પવારની નવસારી જિલ્લામાં, એસ. એલ. વસાવાની અરવલ્લી, પી. એ. વળવીની સુરત શહેર અને રામા હાથલિયાની દેવભૂમિ દ્વારકા બદલી થઈ છે. જ્યારે તેમના સ્થાને 2 મહિલા પીઆઇ હિમાની મોદી જે ઈન્ટેલીજન્સમાંથી બદલી થઈને વલસાડ આવી રહ્યા છે અને ધર્મિષ્ઠા કાનાણી મોરબીથી બદલી લઈને વલસાડ આવી રહ્યા છે. આ સિવાય વાય.બી. ગોહિલ, કે. એચ. વાળા, એચ. ડી. તુવર, એચ. જી. રબારી, દેવ વાંઝા, અને બલભદ્ર ગોહિલ પણ વલસાડ જિલ્લામાં બદલી થઈને આવી રહ્યા છે. ત્યારે હવે વલસાડ સિટી પીઆઇ અને જીઆઈડીસી પીઆઇનો ભાર કોને સોંપાય તેના પર સૌની નજર છે.



## બીલીમોરા-ગણદેવીમાં રામનવમીની ભવ્ય ઉજવણી

બીલીમોરા : બીલીમોરા અને ગણદેવી તાલુકા સહિત સમગ્ર પંથકમાં રામનવમીના પાવન અવસરે ભક્તિ, ઉત્સાહ અને એકતાનો અદ્ભુત માહોલ જોવા મળ્યો હતો. ચૈત્ર સુદ નોમના દિવસે મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રીરામના જન્મોત્સવને વધાવવા શહેરોથી લઈ ગામડાઓ સુધી 'જય શ્રીરામ'ના નાદ ગુંજી ઉઠ્યા હતા. રામજી મંદિર, જલારામ મંદિર અને હનુમાનજી મંદિરોમાં વિશેષ પૂજા, યજ્ઞ, સુંદરકાંડના પાઠ અને ભજન-કીર્તન યોજાયા હતા. બીલીમોરાના રાજમાર્ગો પર એલઈડી લાઈટિંગ, ડીજેના તાલે ભગવા ધ્વજ અને ફેંટા સાથે નીકળેલી ભવ્ય શોભાયાત્રા આકર્ષણનું કેન્દ્ર બની હતી. રાત્રિના સમયે સોમનાથ મંદિર મેદાનમાં આતશબાજી અને વિવિધ સ્થળોએ લોકડાયરા તથા રામાયણ આધારિત ઝાંખીઓએ ભક્તોના મન મોહી લીધા હતા. અનેક સ્થળોએ યજ્ઞ, સુંદરકાંડ પાઠ અને ભજન-કીર્તન યોજાયા બાદ મહાપ્રસાદના ભંડારાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં ભક્તોએ ભાગ લીધો હતો. ગણદેવીમાં રામજી મંદિરે રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૧૦૧ યુનિટ રક્ત એકત્ર કરાયું હતું. બીલીમોરા, અમલસાડ, સાલેજ, ઉંડાચ, ધકવાડા, નાંદરખા, ધનોરી સહિત અનેક ગામોમાં રામજી મંદિરોમાં રામનવમીની ઉજવણી ધામધૂમથી કરવામાં આવી હતી. બીલીમોરા સોમનાથ મંદિર મેદાનમાં રાત્રે ભવ્ય ફટાકડાની આતશબાજી, રામજી મંદિરોમાં લોકડાયરા, ભજન સંધ્યા અને રામાયણ આધારિત ઝાંખીઓએ લોકોનું મન મોહી લીધું હતું. રામાયણના પાત્રો અને પ્રસંગોને જીવંત કરતી વેશભૂષાઓએ શોભાયાત્રાને વધુ આકર્ષક બનાવી હતી. ગરમીને ધ્યાનમાં રાખીને છાસ, શરબત અને ઠંડા પાણીના સેવાયજ્ઞ યોજીને ભક્તોની પ્યાસ બુઝાવી હતી.

### પંચલાઇ સાંઈધામ મંદિરનો આઠમો પાટોત્સવ અને શ્રી રામનવમીની ઉજવણી

પારડી : પારડી તાલુકાના પંચલાઈ સાંઈધામમાં શ્રી રામ નવમી તથા સાંઈ મંદિરનો આઠમા પાટોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. આ સાથે સદા વ્રતની વર્ષી તથા અન્ન ક્ષેત્રમાં રોટી મશીનનો શુભારંભ સાથે રોટલીનો પ્રસાદ પણ સાંઈ તીર્થધામમાં ભક્તોને પીરસવામાં આવશે. આ પ્રસંગે સવારે કાકડ આરતી, મંગળ સ્નાન અભિષેક, દેવ વંદના તેમજ શ્રી રામજીની વાજતે ગાજતે શોભાયાત્રા નીકળી હતી. સાથે ભજનકીર્તન સત્સંગ, શ્રી રામ જન્મોત્સવ, મહાઆરતી, મહાપ્રસાદમાં ગ્રામજનો તથા ભક્તોએ ભાગ લીધો હતો. તેમજ સાંજે શ્રી સાઈ પાલખી નીકળી હતી અને બાળકોમાં ભજન કીર્તનની ભાવના જાગે તે માટે અંતાક્ષરીનું આયોજન કરવામાં આવ્યું હતું.

### 'જય શ્રીરામ'ના ગુંજતા નાદ સાથે નવસારીમાં રામનવમીની ભવ્ય ઉજવણી



નવસારી : નવસારી શહેર રામનવમીના પાવન અવસરે ભક્તિ અને આનંદના રંગમાં રંગાઈ ગયું હતું. શહેરના ઐતિહાસિક રામજી મંદિરમાં બપોરે 12 વાગ્યે ભગવાન શ્રીરામના જન્મોત્સવની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી, જ્યાં 'જય શ્રીરામ'ના ગુંજતા નાદ વચ્ચે હજારો ભક્તોએ દર્શનનો લાભ લીધો હતો. આ અવસરે મંદિર ટ્રસ્ટ દ્વારા મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં આશરે 40 હજારથી વધુ ભક્તોએ પ્રસાદ ગ્રહણ કર્યો હતો. ઘીથી બનેલા લાડુ ભક્તોને પીરસવામાં આવ્યા હતા. નવસારીનું આ રામજી મંદિર 250 વર્ષ જૂનું દૂધિયા તળાવના કિનારે સ્થિત છે.

### રામનવમી નિમિત્તે વલસાડ રામમય બન્યું



વલસાડ : રામનવમી નિમિત્તે શ્રી રામ જન્મોત્સવ સમિતિ, સર્વ હિન્દુ સંગઠન અને હિન્દુ સમાજ વલસાડ દ્વારા શ્રી રામનવમી મહોત્સવની ધામધુમથી ઉજવણી કરી હતી. જેના ભાગરૂપે મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રી રામચંદ્રજીની વિશાળ શોભાયાત્રાનું આયોજન કરાયું હતું. જેને વલસાડ રેલવે ગોદીથી નાણાંમંત્રી કનુભાઇ દેસાઇ, સાંસદ ધવલ પટેલ અને સોનલ સોલંકીએ ફ્લેગ ઓફ કરી પ્રસ્થાન કરાવી હતી. પારનેરા હનુમાન મંદિરમાં પણ રામજન્મોત્સવની ઉજવણી કરાઇ હતી. વલસાડ રેલવે ગોદી નજીક આવેલા હનુમાન મંદિરમાં પ્રભુ શ્રી રામની નવનિર્મિત ભવ્ય પ્રતિમાનું અનાવરણ કરાયું હતું. ત્યાર બાદ સાંજે શોભાયાત્રા નીકળી હતી. આ પ્રસંગે મહાપ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. કેટલાક રીક્ષાચાલકોએ કલ્યાણબાગ નજીકથી તિથલ સાંઇ મંદિર જવા અને ત્યાંથી પરત લાવવા માટે વિના મુલ્યે સેવા આપી હતી.

### વાપી કોચરવામાં આઠમના દિવસે માતાજીનો યજ્ઞ કરાયો



વાપી : વાપી નજીકના કોચરવા ગામના વડિયાવાડ ફળિયા સ્થિત શ્રી ફલેશ્વર મહાદેવ મંદિર પાસે હરિઓમ મિત્ર મંડળ દ્વારા પરંપરાગત ચૈત્રી નવરાત્રિની ઉજવણી ચાલી રહી છે. ચૈત્ર સુદ એકમથી શરૂ થયેલા આદ્યશક્તિ આરાધનાના આઠમના દિવસે માતાજીનો યજ્ઞ વિધિવત રીતે કરવામાં આવ્યો હતો. જેમાં ભક્તજનોએ હાજર રહી માતાજીની આરતી કરી હતી. ગામના આગેવાન ધીરૂભાઈ પટેલના જણાવ્યા મુજબ, વડીલો દ્વારા માતાજીની પૂજા-અર્ચનાની શરૂઆત કરવામાં આવી હતી, જેને આગળ વધારીને આજે પણ શ્રદ્ધાભાવે ઉજવણી કરવામાં આવે છે. આઠમના દિવસે હવન સાથે પૂજાપાઠ કરવામાં આવી હતી. કોચરવા ગામમાં ચૈત્રી નવરાત્રિની ભક્તિમય ઉજવણી શ્રદ્ધા અને ઉત્સાહ સાથે કરવામાં આવી રહી છે. આવતીકાલે શુક્રવારના રોજ માતાજીની પૂજા-આરતી કર્યા બાદ સાંજે સાડા સાત વાગ્યે ભક્તજનો માટે પ્રસાદની વહેંચણી કરવામાં આવશે.

### ડાંગ જિલ્લામાં રામનવમીની ઉજવણી, શોભાયાત્રા અને ભંડારાનું આયોજન



ગિરીશ ભોયે

સાપુતારા : ભગવાન વિષ્ણુના સાતમા અવતાર મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રીરામચંદ્રજીના જન્મોત્સવ નિમિત્તે વઘઈ, આહવા, સુબીર સહિતના વિસ્તારોમાં આવેલા મંદિરોમાં શણગાર કરવામાં આવ્યો હતો. બપોરે 12 વાગ્યે ભજન-કીર્તન અને રામધૂનનું આયોજન કરવામાં આવ્યું હતું. મંદિરોમાં ભગવાન શ્રીરામને ભાવપૂર્વક પારણામાં ઝુલાવી"જય શ્રી રામ"ના જયઘોષ કરાયો હતો. શોભાયાત્રામાં ધારાસભ્ય વિજય પટેલ, મહામંત્રી ધર્મેશ પટેલ, પંકજ પટેલ, મયુર પટેલ, બીપીન રાજપૂત, રિતેશ પટેલ, રાજુ સોહલા, પૃથ્વીરાજ વૈષ્ણવ, રોહિત સુરતી, સુભાષ બારસે સહિતના ભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

### વાંસદા ગઢી ધર્મશાળાના મંદિરમાં રામ નવમીની ઉજવણી

વાંસદા : વાંસદા ગઢી ધર્મશાળા આવેલા શ્રી રામ મંદિર ખાતે રામનવમીની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે રામ જન્મોત્સવ દરમિયાન સવારે શ્રીરામ યજ્ઞ, ત્યારબાદ બપોરે શ્રીરામ જન્મોત્સવ, સાંજે 5 કલાકે વાંસદામાં ડીજે ના તાલ સાથે ભવ્ય શોભાયાત્રા નીકળી હતી. અને મોડી સાંજે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ગ્રામજનો અને ભક્તો જોડાઈ ઉત્સવમાં સહભાગી બન્યા હતા. આ પ્રસંગે સમગ્ર વાતાવરણ શ્રી રામના નારાથી ગુંજી ઉઠ્યું હતું. વાંસદાના પીઆઈ જે.વી. ચાવડા સહિત પોલીસ બંદોબસ્ત ગોઠવ્યો હતો.

## સંક્ષિપ્ત સમાચાર

### દમણમાં ભગવાન રામની ભવ્ય શોભાયાત્રાનું સ્વાગત



દમણ : સંઘપ્રદેશ દમણમાં રામનવમીના પાવન અવસર પ્રભુ શ્રી રામની શોભાયાત્રા ભગવાન રામની ભવ્ય પ્રતિમા સાથે નીકળી હતી. જ્યાં દરેક મહોલ્લા અને શેરીઓમાં સ્વાગત કરવામાં આવ્યું હતું. સાથે ભગવાન રામની આરતી કરવામાં આવી હતી. નાના બાળકો દ્વારા ભગવાન રામ, સીતા, લક્ષ્મણ અને હનુમાનજી સાથેનો વેશ ધારણ કરી રથ પર બિરાજમાન થયા હતાં. સમગ્ર રથયાત્રા દરમ્યાન દમણ ભગવા રંગથી રંગાઈ જવા પામ્યું હતું. આ પ્રસંગે દમણ-દીવના પૂર્વ સાંસદ લાલુભાઈ પટેલ, દાનહ-દમણ-દીવ ભાજપા પ્રદેશ અધ્યક્ષ મહેશ અગરિયા, ભાજપા મહામંત્રી જીગ્નેશ પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ ધરમ પટેલ, પાલિકા સભ્ય અસ્પી દમણિયા, ભાજપા જિલ્લા અધ્યક્ષ ભરત પટેલ, સિમ્પલ ટંડેલ સહિત પ્રદેશના ગણમાન્ય લોકો તથા મોટી સંખ્યામાં ભક્તો શોભાયાત્રામાં જોડાયા હતા.

### વાપીમાં પ્રથમ વખત ભજન કલબિંગનું આયોજન

વાપી : વાપી એલાઇટ ચેરીટી એસોસિએશન દ્વારા વાપીમાં પ્રથમવાર આધ્યાત્મિક અને મનોરંજક કાર્યક્રમ ભજન કલબિંગનું આયોજન આગામી તારીખ 11 એપ્રિલ 2026 ના રોજ વાપી વીઆઈએ ગ્રાઉન્ડમાં કરવામાં આવ્યું છે. ટાઇટલ સ્પોન્સર તરીકે પ્રમુખ ગ્રુપ, કો. સ્પોન્સર તરીકે ટર્નિંગ પોઇન્ટ તથા અન્ય સ્પોન્સર તરીકે એમડી રિયાલિટી અને મહિન્દ્રા રાઈસ છે. ધ એલાઈટ્સના સંસ્થાપક ગિરીશ ખૂબચંદાનીએ જણાવ્યું કે, આ કાર્યક્રમનો મુખ્ય હેતુ પરંપરાગત ભજન સાથે આધુનિક સંગીતનો સુમેળ રજૂ કરવાનો છે અને આ પ્રોગ્રામ દ્વારા જે કંઈ ફંડ એકત્ર થશે તેનો ઉપયોગ મહિલાઓને સ્કીલ ટ્રેનિંગ આપવા માટે વાપરવામાં આવશે. જે અંતર્ગત એલાઇટ સંસ્થા દ્વારા સિલાઈ કામના અર્થે એક અલાયદૂ સ્કિલ સેન્ટર ખોલવાની પણ જાહેરાત કરી હતી. પ્રોજેક્ટ ચેરમેન ગૌરવ અગ્રવાલે જણાવ્યું કે, આ કાર્યક્રમનો ઉદ્દેશ ભજનને નવી પેઢી સાથે જોડવાનો અને સાંસ્કૃતિક મૂલ્યોને પ્રોત્સાહન આપવાનો છે. દિલ્હીની પ્રખ્યાત બેન્ડ કેશવમ તેમની જીવંત રજૂઆતો જનતાને ભક્તિમય વાતાવરણમાં લીન કરી દેશે. વિનીત ઓઝા અને કમલેશ કુમાવત મેન્ટર મયુર શાહ અને લાખનસેન તથા પ્રમુખ ગ્રુપથી રોહન ખોડભાયા અને રાજ ભાટુ તથા મહેન્દ્ર રાઈસથી વિશાલ મહેશ્વરી તથા ઈલાઈટના સભ્યો હાજર રહ્યા હતાં.

**સરકારની તિજોરી ખાલી થઇ ગઇ છે કે પછી અધિકારીઓની અણઆવડત**

## શ્રમિકોની રોજગારીની ગેરન્ટીના ધજાગરા

**ચીખલી** તાલુકામાં ૩૯૮૭ શ્રમિકોને છેલ્લા ત્રણ માસથી ૭૮.૦૭ લાખ રૂપિયાનું પેમેન્ટ ચૂકવાયુ નથી

**શ્રમિકો** ઉપરાંત કર્મચારીઓ પણ છેલ્લા ત્રણ માસથી પગારથી વંચિત



ધર્મેશ પટેલ

ઘેજ : ચીખલી તાલુકામાં મનરેગા યોજનાના ૩૯૮૭ શ્રમિકોને છેલ્લા ત્રણ માસથી ૭૮.૦૭ લાખ રૂપિયાનું પેમેન્ટ ન ચૂકવાતા તંત્રના વહીવટ સામે અનેક સવાલો ઉભા થયા છે. કેન્દ્ર સરકાર દ્વારા હવે આ યોજનાનું વિકસિત ભારત જી રામ જી નવું નામકરણ કરવામાં આવ્યું છે. પરંતુ ત્રણ માસથી શ્રમિકોના લાખો રૂપિયા અને કર્મચારીઓના પગાર ન ચૂકવાતા તેઓની આર્થિક હાલત કફોડી બનવા પામી છે.

મનરેગા યોજના અંતર્ગત ગામમાં સાફ સફાઈ, આંબા કલમ રોપવાની મંજૂરી, આવાસના બાંધકામમાં મંજૂરી સહિતના કરેલા કામોની રકમ શ્રમિકોને ચુકવવામાં આવી નથી. જેને પગલે શ્રમિકોની આર્થિક સ્થિતિ કફોડી બની છે.

તંત્ર દ્વારા મનરેગા યોજનામાં શ્રમિકોને પેમેન્ટ નથી ચૂકવાયું તો બીજી તરફ કર્મચારીઓને છેલ્લા ત્રણ માસથી પગાર પણ ચૂકવાયો નથી. આમ રોજગારની ગેરેન્ટી આપતી યોજનામાં શ્રમિકોને રોજગારીની ગેરેન્ટીના ધજાગરા ઉડી જવા પામ્યા છે.

ત્યારે ખરેખર સરકારની તિજોરી ખાલી થઈ ગઈ છે કે પછી જિલ્લાના ઉચ્ચ અધિકારીઓનો અણઘડ કારભારનું આ પરિણામ છે તે પણ તપાસનો વિષય છે.

### તાલુકામાં કેટલ શેડની મોટા પાયે માંગ

ચીખલી તાલુકામાં મનરેગા યોજનામાં છેલ્લા પાંચ વર્ષ કરતા વધુ સમયથી કેટલ શેડ, મેટલ રોડના કામો જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ પોતાની મનમાની કરી આપ્યા નથી. ચૂંટાયેલા પ્રતિનિધિઓની રજુઆત બાદ પણ એકપણ કેટલ શેડની મંજૂરી અપાઈ નથી. તાલુકામાં પશુપાલનનો વ્યવસાય મોટાપાયે વિકસિત થવા સાથે અનેક પરિવારો ઘર આંગણે આવક મેળવી રહ્યા છે. ત્યારે કેટલ શેડની માંગ પણ તાલુકામાં મોટા પાયે રહેતી હોય છે. જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના તાબામાં મનરેગા યોજના ચાલતી હોય છે અને જેના સર્વેસર્વા નિયામક અને ડીડીઓ છે. પરંતુ તેઓ લોકોની વાસ્તવિક જરૂરિયાતથી અજાણ છે કે પછી અમલદાર શાહીમાં લોકોની જરૂરિયાતની ઇરાદાર અવગણના કરી પોતાની મનમાની ચલાવી રહ્યા છે. તે સમજાય એમ નથી બીજી તરફ ચૂંટાયેલા પ્રતિનિધિઓની પણ પરિણામ લક્ષી કામગીરીના અભાવે લોકોએ સહન કરવાની નોબત આવી છે.

ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
+(GST)
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

**નોકરી વિષયક**

**બૅંકિંગ ક્ષેત્રમાં**
ટેલિકોલીંગ માટે હિન્દી અને ગુજરાતી 20 Female તાત્કાલિક જોઈએ છે પગાર ધોરણ 10000 થી 20000 સુધી. 08976373893/ 09998435614 (પાર્ટટાઈમ નથી/ વર્ક ફ્રોમ હોમ નથી)

**ઓફિસ, બેંક**
અને બહારના કામ માટે છોકરાઓ જોઈએ છે 12 પાસ ડિપ્લોમા તથા કોમ્પ્યુટરનું જ્ઞાન જરૂરી આકર્ષક પગાર સાથે સંપર્ક 9726222200

**જોઈએ છે**
9:30 થી 6 વાગ્યા સુધી, ઘરના છૂટક કામ માટે લેડીઝ, ઘોડદોડ રોડ, રામચોક વિસ્તારમાં, પગાર- 13000/- Mobile- 9998103035

**FOR Sell**
70,000/- ના માસિક ભાડામાં
કોર્પોરેટ કંપનીને ૯ થી ૧૨ વર્ષની લોંગ લીઝ પર આપેલ ઓફિસ
પાર્લે પોઈન્ટ મેઈન રોડ પર
Dhaval Cyclewala 98980 24032

**જોઈએ છે**
સ્કૂલબસ માટે ડ્રાઈવર- 4, કંડકટર- 3. ધન્વંતરિ કેમ્પસ- કિમ 9924204829- 9924204827

**જોઈએ છે**
ડાઈંગ હાઉસના અનુભવી કોમ્પ્યુટર જાણકાર ટાઈમ કીપર, મળોઃ સંજયભાઈ MO: 9904805539, ક્રિષ્ના આર્ટ સિલ્ક ક્લોથસ પ્રા.લિ, 261- A, જી.આઈ. ડી.સી, પાંડેસરા, સુરત,

**વ્યવસાયીક યાત્રા-પ્રવાસ**

**સ્વપ્ન ટ્રાવેલ્સ**
૫૨ વર્ષમાં પ્રવેશ રેલ્વે 2x2 દ્વારા (1) ચારધામ યાત્રા, બદ્રીનાથ, કેદારનાથ, યમનોત્રી, ગંગોત્રી, હરિદ્વાર, તારીખ- 21/4, 3/5, 26/05, દિવસ- 15. (2) અધિક માસમાં હરિદ્વાર, તારીખ- 22/5, દિવસ- 7. (રેલ્વે બુકીંગ 60 દિવસ પહેલા થાય છે) દરેક પ્રવાસો સંપૂર્ણ સગવડતા સહિત, મળો- દિપકભાઈ બોડીવાલા, યોગી કોમ્પ્લેક્ષ, મહેન્દ્ર કેરીવાલાની બાજુમાં, ન્યુ રાંદેરરોડ, સુરત.: 9825144143, 9898700934, 9712882315

**સાગર 9427113317**
એસી બસમાં 3501/- દ્વારકા, સોમનાથ, સારંગપુર, 2- એપ્રિલ,

**ઓમશિવ ટ્રાવેલ્સ**
29- એપ્રિલ, તિરૂપતિ બાલાજી, સાત જ્યોતિલીંગ, કન્યાકુમારી, મૈસુર. દર બુધવારે, દ્વારકા, સોમનાથ, વિરપુર, ચોટીલા, દર ગુરૂવારે ઉજ્જૈન, ઓમકારેશ્વર, શિહોર, અધિક માસમાં હરિદ્વાર, ગોકુલ, મથૂરા, વૃંદાવન, બરસાણા. 12- મેં ચારધામ. 9- એપ્રિલ, અષ્ટવિનાયક, પાંચ જ્યોતિલીંગ. ખરવરશેરી, ભાગળ, સુરત.- 9537838949, 9327199997

**જમીન વેચવાની છે**
1. સોલાર લાયક 66 KV નજીક 15.5 વિઘા જુની શરત નહેરની બાજુમાં અને ખેતી માટે ઉત્તમ તક
2. મહુવા, 55 ગુંઠા, કેસર કલમ, રોડ ટચ, જુની શરત
3. મહુવા 3.5 વિઘા ફાર્મ હાઉસ, રોડ ટચ, કેસર કલમ, જુની શરત, બોર, નહેરનું પાણી
9725710000

**હિમાલયા હોલીડેઝ**
(1) અમરનાથ યાત્રા 1 જુલાઈ Rs: 9999/= (2) અમરનાથ સાથે કાશ્મીર, ગુલમર્ગ, સોનમર્ગ Rs: 20999/= Mo 9825142005/ 9427803273 (902)

**મિલ્કત લે-વેચ**

**હોજીવાલા ઈન્ડસ્ટ્રીમાં**
756/ 1484/ 3612/ 7308 વિગેરેના પ્લોટ ખરીદ/ વેચાણ તથા ભાડે આપવા/ લેવા માટે સંપર્ક કરો. 8866478300, 9825141500 (118)

**વ્યવસાયીક ધંધાકીય**

**વુલન સ્વેટરો,**
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, શાલ, બ્લેન્કેટ હોલસેલ ભાવે, ખોલવડવાલા, ડબગરવાડ, સુરત.

**કબુતર, મચ્છર જાળી**
ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184.

**ઘરબેઠા TV, LCD,**
LED રીપેરીંગ. દરેક વિસ્તારમાં, દામીની ઈલેક્ટ્રોનિક્સ, અડાજણ. 9898302700

**CM PEST CONTROL**
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

**ફીઝીકલ શેર સર્ટીફીકેટ**
વારસદારનાં નામે ટ્રાન્સફર તથા ખોવાયેલ ડુપ્લીકેટ મેળવવા ડીમેટ કરાવવા 9327312210

**PRESIDENT PEST CONTROL**
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

**વ્યવસાયીક આરોગ્ય વિષયક**

**મોતીયાનું ઓપરેશન**
ટાંકાવગર માત્ર 8400માં દવાવાળા આઈકેર હોસ્પિટલ પાલનપુર જકાતનાકા, 9898133189

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર

*અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.*